| GJSK010005022026 | કેસ રજુ તા. : ૨૩/૦૨/૨૦૨૬<br>કેસ નોંધ્યા તા.: ૨૩/૦૨/૨૦૨૬<br>કેસ ફૈંસલ તા. : ૧૬/૦૩/૨૦૨૬<br>અવધિઃ– વર્ષ. માસ. દિવસ |
|---|---|

## સાબરકાંઠા જિલ્લાના અધિક સત્ર ન્યાયાધીશશ્રીની અદાલત સમક્ષ
**મુકામ–હિંમતનગર**

---

**ફોજદારી પરચુરણ અરજ નં.– ૨૨૩/૨૦૨૬**

**આંકઃ –**

**અરજદારઃ–** **રણજીતસિંહ નહારસિંહ સોલંકી,**

ઉ.આ.વ.૬૫, ધંધો–ખેતી તથા સામાજિક કાર્યકર,

રહે. ૨૨૬/એ, શ્રીનગર સોસાયટી, તસીયારોડ,

મુ. તા. હિંમતનગર, જી. સાબરકાંઠા.

**વિરૂધ્ધ**

**સામાવાળા :– શ્રી સરકાર**

**અરજ :– ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩(૧)(બી) મુજબ જામીનની શરતોમાં ફેરફાર કરવા માટે.**

---

**અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી સી.પી.પટેલ**

**ફરિયાદી શ્રી સરકાર તરફે વિ. પી.પી. શ્રી એચ.વી.ત્રિવેદી**

---

## :: ઠ રા વ ::

(૧) અરજદાર/આરોપી ધ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ની કલમ-૪૮૩(૧)(બી) અન્વયે હાલની અરજી જામીનની શરતો પૈકી શરત નં. ૬ માં ફેરફાર કરવા માટે કરવામાં આવેલ છે.

(૨) સદરહું અરજી અરજદાર/આરોપીએ હિંમતનગર એ-ડીવી.પો.સ્ટે. પાર્ટ-એ ગુના રજી.નં.૧૧૨૦૯૦૧૬૨૫૦૮૩૨/ ૨૦૨૫ થી બી. એન. એસ.ની કલમ-૬૧(૨)(એ), ૧૦૯(૧),૧૨૫ (એ), ૧૮૯(૨), ૧૮૯(૩), ૧૮૯(૫), ૧૯૦, ૧૯૧(૨), ૧૨૧(૧), ૧૨૬(૨) તથા સાર્વજનીક મિલકતને નુકશાન અધિનિયમ કલમ-૩ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાના કામે કરેલ છે.

હાલના ગુનાની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી નં.૧, ૨ નાઓ ધ્વારા પોતાના અગાઉના ભાષણો ધ્વારા લોકોને ઉશ્કેરાણી કરી સુનિયોજીત કાવતરૂ રચી જેમાં સાબરડેરી ધ્વારા રેટેઈશન મની તા.૧૧/૦૭/૨૫ ના રોજ ચુકવણી કરેલ હોવા છતાં સોશીયલ મીડીયામાં સાબર ડેરી ચેરમેન તથા ડીરેકટરો ધ્વારા ઓછો નફો ચુકવી પશુ પાલકો સાથે છેંતરપીંડી કરેલ હોવાનું તથા સાબર ડેરીના સત્તાધીશો મનમાંની કરતા હોવા બાબતે એકસંપ થઈ અવાજ ઉઠાવવાના મેસેજો કરી તા.૧૪/ ૦૭/૨૫ ના રોજ સાબર ડેરી ખાતે ભેગા થવા નકકી કરી સુનિયોજીત કાવતરૂ રચી તે મુજબ ક.૧૦ /૦૦ વાગ્યાના સમય ગાળામાં સાબર ડેરીના મેઈન ગેટ આગળ કોલમ નંબર-૨ માં જણાવેલ ૨ થી ૭૪ સુધીના આરોપીઓ તથા અન્ય

District Sessions Court, Sabarkantha @ Himmatnagar

ટોળામાં રહેલ આશરે ૯૦૦ થી ૧૦૦૦ જેટલા અજાણ્યા આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી આજ તો સાબર ડેરીના ચેરમેન તથા ડીરેકટરોને મેથીપાક ચખાડવાનો છે અને સાબર ડેરીને ચેરમેન તથા ડીરેકટરો સહીત સળગાવી દેવાની છે તેમ સુત્રોચ્ચાર કરી લોખંડની પાઈપો તથા લાકડીઓ તથા પથ્થર વડે હુમલો કરી પોલીસને રાજય સેવક તરીકેની ફરજ બજાવવા રોકવા ઈરાદાપુર્વક ઈજાઓ કરી તથા પો.હે.કો. જીગ્નેશકુમાર સુરેશભાઈનાને ટોળામાં ખેંચી જઈ આજ તો પોલીસ વચ્ચે આવે છે તો પોલીસને જ પતાવી દેવી છે, તેમ કહી માથામાં લોખંડની પાઈપો તથા લાકડીઓ તથા પત્થરો મારી જાનથી મારી નાખવાની કોશીષ કરી તેમજ ફરીયાદમાં જણાવેલ સરકારી વાહનોને તેમજ સાબર ડેરીના લોખંડના ગેટ તથા કોટ ઉપરની લોખંડની જાળી તોડી નાખી નુકશાન પહોંચાડી તથા નેશનલ હાઈવે રોડ ઉપર પત્થરો તથા ઝાડ મુકી વાહન વ્યવહાર સ્થગિત કરી, વાહન ચાલકોને ગેરકાયદેસર અવરોધ કરી ગુનો કર્યાનો આક્ષેપ છે.

(૩) હાલની અરજી દાખલ થતા આ અદાલતે સરકારશ્રી ને નોટીસ ઈસ્યુ કરેલ છે અને સરકાર વતી વિધ્વાન સરકારી વકીલ શ્રી એચ.વી.ત્રિવેદી નાઓને તથા અરજદાર/આરોપી તર્ફે તેઓના વિ. વ. શ્રી સી.પી.પટેલ નાઓને સાંભળવામાં આવેલ છે.

(૪) આ કામે અરજદાર/આરોપી તર્ફેના વિધ્વાન વકીલ શ્રીનાઓની રજુઆત જોતાં, હાલના અરજદાર/આરોપી સામે બી.એન.એસ.ની

કલમ–૬૧(૨) (એ), ૧૦૯(૧), ૧૨૫ (એ), ૧૮૯(૨), ૧૮૯(૩), ૧૮૯(૫), ૧૯૦, ૧૯૧(૨), ૧૨૧(૧), ૧૨૬(૨) તથા સાર્વજનીક મિલકતો ને નુકશાન અધિનિયમ કલમ–૩ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધાયેલ છે. જે કામે અરજદાર/આરોપીએ અત્રેની કોર્ટ સમક્ષ ક્રિમી.પ.અ. નં. ૬૦૩/૨૫ થી આગોતરા જામીન મેળવવા અરજી દાખલ કરેલ જે અરજી અત્રેની કોર્ટે શરતોને આધીન મંજુર કરેલ જે શરતો પૈકી **શરત નં. ૬** માં '' **અરજદાર/આરોપી હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજ્યની હદ છોડશે નહી.** '' તેવી શરત મુકેલ. અરજદાર/આરોપીના દીકરાનું લગ્ન, બહેનનું લગન તથા ભત્રીજીના લગ્ન રાજસ્થાન તથા મહારાષ્ટ્રમાં કરેલ છે. તેમજ ભીનમાલ, રાજસ્થાન તેઓની કુળદેવી છે. તેમજ તેમના ભત્રીજીનુ લગ્ન મહારાષ્ટ્રમાં કરેલ છે અને તેમના ભાઈ પણ ત્યાં જ છે. આમ, અરજદાર/આરોપીના સગા–સંબંધી રાજસ્થાન તથા મહારાષ્ટ્ર મુકામે રહેતા હોય અવાર નવાર ગુજરાત બહાર જવાનુ થતુ હોય છે. અરજદાર/આરોપી હિંમતનગરના કાયમી રહેવાસી છે. જેથી કોર્ટે ફરમાવેલ જામીનની શરતમાં શરત નં. ૬ રદ્દ કરવા વિકલ્પે તેમા સુધારો કરી '' **ભારત દેશ છોડવો નહી**'' તેવો ફેરફાર કરવા હાલની આ અરજી દાખલ કરેલ છે. અરજદાર/ આરોપીએ આજદિન સુધી કોર્ટે ફરમાવેલ તમામ શરતોનુ ચુસ્તપણે પાલન કરેલ છે. તેમજ આજદિન સુધી પોલીસે ચાર્જશીટ પણ કરેલ નથી. જેથી શરતમાં ફેરફાર કરવા માંગણી કરેલ છે.

District Sessions Court Sabarkantha @ Himmatnagar

(૫) ફરીયાદપક્ષ તર્ફે વિધ્વાન સરકારી વકીલ શ્રી એચ.વી.ત્રિવેદીની રજુઆત જોતા, અરજદાર/આરોપી સામે સાબરડેરી તરફથી પશુપાલકોને આપવાનો નકકી કરવામાં આવેલ ભાવફેરીની રકમ વસુલ મેળવવા સારૂ ગેરકાયદેસરની મંડળીનો હિસ્સો બની સૂત્રોચ્ચાર કરી પોલીસ સમજાવવા જતા પોલીસ અધિકારી/કર્મચારીઓ ઉપર હુમલો કરી પોલીસને રાજય સેવક તરીકેની તેમની ફરજ બજાવવા રોકવા ઈરાદાપૂર્વક ઈજાઓ કરી તેમજ સરકારી વાહનો તથા પબ્લીક પ્રોપર્ટીને નુકસાન કરી નેશનલ હાઈવે પર પથ્થરો તથા ઝાડ મુકી તથા રોડ ઉપર દૂધ ઢોળી નુકસાન કરી વાહન વ્યવહારમાં અવરોધ ઉત્પન્ન કર્યા અંગેના ગુનાના આક્ષેપ છે. ગુનાની તપાસ ચાલુ હોય અરજદાર/આરોપીની અરજી મંજુર કરવામાં આવશે તો તપાસ બાધિત થાય તેમ છે. જેથી અરજી નામંજૂર કરવા માંગણી કરેલ છે.

(૬) બંને પક્ષોની રજુઆત સાંભળી. કેસ પેપર્સ ધ્યાને લીધા. અરજદાર/આરોપીની અરજીની વિગતો, પોલીસ તપાસ કરનાર અમલદારના સોગંદનામાંની વિગતો ધ્યાને લેતાં, ગુનાની ચાર્જશીટ થયેલ નથી. જેથી તપાસની કાર્યવાહીને સમય જાય તેમ છે તથા માંગ્યા મુજબ શરતમાં ફેરફાર કરવાથી તપાસ બાધિત થાય કે કેસના સંજોગોને અસર થાય તેમ જણાતુ ન હોય જેથી અરજદાર/આરોપીની અરજીમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં અરજદારની દીકરી તથા અન્ય કુટુંબી ગુજરાત બહાર રહેતા હોય અવાર નવાર ત્યાં જવામાં મુશ્કેલી થાય તે ધ્યાને લેતાં તેમાં ફેરફાર કરવાની રજુઆત માનવા યોગ્ય જણાય છે.

Sessions Court, Sabarkantha @ Himmatnagar

હાલની અરજી અંશત: મંજુર કરવા યોગ્ય જણાતી હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

૧. અરજદાર/આરોપી **રણજીતસિંહ નહારસિંહ સોલંકી,** રહે. ૨૨૬/એ, શ્રીનગર સોસાયટી, તસીયારોડ, મુ. તા. હિંમતનગર, જી. સાબરકાંઠા વાળા નાઓની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩(૧)(બી) મુજબની હાલની આ અરજી આથી '' **અંશત: મંજુર** '' કરવામાં આવે છે.

૨. **ક્રિમી.પ.અ. નં. ૬૦૩/૨૦૨૫** થી દાખલ કરેલ આગોતરા જામીનની શરતો પૈકી **શરત નં. ૬** માં '' **અરજદાર/આરોપી હકુમત ધરાવતી કોર્ટની પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડશે નહી.**'' તેવી શરત મુકેલ છે જે શરતમાં ફેરફાર કરી વિકલ્પે '' **અરજદાર/આરોપી હકુકત ધરાવતી કોર્ટની પરવાનગી વગર ભારત દેશ છોડવો નહી.**'' તે મુજબનો હુકમ કરવામાં આવે છે. તેમજ **ક્રિમી.પ.અ. નં. ૬૦૩/૨૦૨૫** થી આગોતરા જામીનના હુકમની તે સિવાયની બાકીની શરતો યથાવત રહેશે તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. **૧૬ મી,** માહે **માર્ચ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. : ૧૬/૦૩/૨૦૨૬
સ્થળ: હિંમતનગર

**(વિરલ હેમરાજભાઈ પટેલ )**
એડીશનલ સેશન્સ જજ,
જીજે.૦૦૭૩૬
સાબરકાંઠા–હિંમતનગર.

*::ARS::*